# આનંદીબેનની પ્રથમ રાજકીય કસોટી જૂનાગઢ મહાનગર પાલિકાની ચૂંટણી

## ગુજરાત કોંગ્રેસમાં અદ્દભૂત રચના, એક મ્યાનમાં બે તલવાર રહે છે

ગુજરાતના પ્રથમ મહિલા મુખ્ય-ધાન આનંદીબેન પટેલ માટે જૂનાગઢ મહાનગરની ચૂંટણીનો ૨૦મી જુલાઈએ પ્રથમ લિટમસ ટેસ્ટ છે. આનંદીબેનની રાજકીય કસોટી થવાની હોવાની તેમણે એડી ચોટીનું જોર લગાવ્યું છે. લોકસભામાં કારમી હાર પછી કોંગ્રેસના નેતાઓ માટે પણ અસ્તિત્વનો સવાલ આવીને ઉભો છે તેથી આ મહાનગર કબ્જે કરવા માટે તેઓ દિન-રાત એક કરે છે. જૂનાગઢનું



૧૭ વોર્ડની ૫૧ બેઠકો પૈકી કોંગ્રેસને ૨૬ અને ભાજપને ૨૧ બેઠકો મળી હતી. બીએસપી ત્રણ બેઠકો ઉપર અને એક બેઠક અપક્ષને ફાળે હતી. રાજકીય પરિસ્થિતિ જોઈએ તો ગાંધીનગર અને જૂનાગઢ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં એક સરખી હાલત છે. બન્ને મહાનગરોની બોડીને ભાજપે ડિસ્ટર્બ કરી કોંગ્રેસના સભ્યો ખેરવી લીધા છે....

**એક મ્યાનમાં બે તલવાર રહી શકે ખરી...**

**ટાઈમ લાઈન** - ગૌતમ પુરોહિત

પરિણામ ૨૨મી જુલાઈએ આવવાનું છે. મજાની વાત એ છે કે ૨૦ વોર્ડ અને ૬૦ બેઠકોની આ

### અઢળક સ્કીમોના સામ્રાજ્ય વચ્ચે ૨૪ લાખ આવાસ ખાલી પડ્યા છે

ચૂંટણી લડવા માટે ભાજપ પાસે ૫૦૦ અને કોંગ્રેસ પાસે ૨૬૦ મુરતિયા હતા...

જૂનાગઢ શહેરને મહાનગર સેવા સદનનો દરજ્જો ૧૫મી સપ્ટેમ્બર-૨૦૦૨માં આપવામાં આવ્યો હતો. આ સ્થાનિક સંસ્થામાં મતદારોની સંખ્યા ૨.૧૧ લાખ માત્ર છે જેમના માટે ૨૭૯ મતદાન મથકો મંજૂર કરવામાં આવેલા છે. ૨૦૦૯માં યોજાયેલી આ મહાનગરની છેલ્લી ચૂંટણીમાં કુલ

ગુજરાતીમાં એક કહેવત છે કે એક મ્યાનમાં બે તલવાર રહી શકે નહીં પરંતુ ગુજરાત વિધાનસભામાં વિપક્ષે એક મ્યાનમાં બે તલવાર રહે છે અને બન્ને બાપુ છે. કોંગ્રેસના સિનિયર નેતાઓ શંકરસિંહ વાઘેલા અને શક્તિસિંહ ગોહિલ એમ બે તલવાર ખેંચાયેલી છે.

### ફોન ૨૬ લાખથી ઘટી ૧૫ લાખ થયા, બાઈક ૮૦૦૦ થી ૧.૨૫ કરોડ

એક હાલના વિરોધપક્ષના નેતા છે અને એક ભૂતપૂર્વ છે. બન્ને વચ્ચે અબોલા તો નથી પણ અહમની ટક્કર છે. વિધાનસભામાં બજેટની ચર્ચા હોય ત્યારે શંકરસિંહ વાઘેલા કોઈ સૂચના આપે તો શક્તિસિંહ





● અનુસંધાન પાન-૭ પર

# માનવસ્વભાવના વૈવિધ્યની અથડામણનું મહાકાવ્ય એટલે મહાભારત : ગુણવંત શાહ



## આપણી ભીતર જંગલના તમામ પ્રાણીઓનું કાંઈક ને કાંઈક છે માનવસ્વભાવનું મુળિયું પકડવામાં હરણ સફળ રહ્યા : માણસ તટસ્થ બનવા માંગે છે પણ સત્યસ્થ બનતો નથી!

ગાંધીનગર, તા.૧૩

પૃથ્વી પર જેટલા માણસો તેટલા માનવ સ્વભાવ છે. માનવ સ્વભાવના આ વૈવિધ્યમાં અથડામણ નિશ્ચિત હોય છે. આ અથડામણનું મહાકાવ્ય એટલે મહાભારત. આપણી ભીતર જંગલના તમામ પ્રાણીઓનું કાંઈકનું કાંઈક છે માનવ સ્વભાવના મૂળિયા શોધવાનું કામ કપરું છે. પરંતુ ભગવાન કૃષ્ણ આ મૂળિયું પકડવામાં સફળ રહ્યા છે. અથડામણ હોય ત્યાં કાવાદાવા, કપટ, દ્વેષ બધું હોય છે. આ બધી લીલાનો લીલા પુરુષોત્તમ કૃષ્ણ છે. સમગ્ર જગતની સ્વભાવલીલા

**કલ્ચરલ ફોરમ આયોજિત વ્યાખ્યાનમાળાના પ્રારંભે મહાભારત માનવ સ્વભાવનું મહાકાવ્ય વિષય અંગે વકતવ્ય યોજાયું**

મહાભારતના બે શ્લોકમાં જોવા મળે છે. મહાભારત માનવ સ્વભાવનું મહાકાવ્ય વિષય અંગે વ્યાખ્યાન આપતા જાણીતા સર્જક ગુણવંત શાહે ભદ્રતા અને દુરિતા તેમ બે રૂપકો દ્વારા અત્યારની સાંપ્રત પરિસ્થિતિ સમજાવવાનો પ્રયાસ કર્યો હતો. તેમણે જણાવ્યું હતું કે માણસ તટસ્થ બનવા માંગે છે પરંતુ સત્યસ્થ બનવા માંગતો નથી.

કલ્ચરલ ફોરમ આયોજિત વ્યાખ્યાન માળાના પ્રારંભે આજે જાણીતા સર્જક ગુણવંત શાહે મહાભારત માનવ સ્વભાવનું મહાકાવ્ય વિષય અંગે રસપ્રદ અને દૃષ્ટાંતરૂપ વ્યાખ્યાન આપ્યું હતું. તેમમે જણાવ્યું હતું કે જગતના તમામ

● અનુસંધાન પાન-૭ પર

## ખૂણે... ...ખાંચરેથી

- આજથી ગાંધીનગર મહાનગરપાલિકાનો ડોર ટુ ડમ્પીંગ પ્રોજેકટ સે-૩૦થી કાર્યાન્વીત થશે.
- આજે કેન્દ્રીય બજેટ પર જાણીતા બજેટ વિશ્લેષક મુકેશ પટેલનું જાહેર વ્યાખ્યાન કડી કેમ્પસમાં યોજાયું છે.
- ગાંધીનગરમાં ચાલતા માર્ગ સુધારણાની કામગીરી આ માસના અંત સુધીમાં પૂર્ણ કરાશે.
- ભાજપના રાષ્ટ્રીય પ્રમુખ અને પૂર્વ ગૃહ રાજયમંત્રી શ્રી અમીત શાહના દિકરાની સગાઈમાં હાજરી આપવા આજે ભાજપના રાષ્ટ્રીય આગેવાનો અમદાવાદ આવ્યા હતા. ઉત્તરપ્રદેશના પૂર્વ મુખ્યમંત્રી કલ્યાણસિંહ વ્હીલચેરમાં આવ્યા હતા.
- ગોવર્ધનનાથજીની હવેલી સહિત ગાંધીનગરના ધાર્મિક સ્થાનો પર ઠાકોરજીના હિંડોળા શરૂ થયા છે.

# સેક્ટર-૧૭ સેન્ટ્રલ લાયબ્રેરી હવે કકળાટનું ઘર બની

## દર બે-ચાર દિવસે કોઈ ને કોઈ બાબતે વિદ્યાર્થીઓ વચ્ચે કાં'તો સ્ટાફ અને વિદ્યાર્થીઓ વચ્ચે માથાકૂટ થાય છે : ગઈરાતે પણ પોલીસ બોલાવવી પડી હતી

ગાંધીનગર,તા.૧૩

તાજેતરમાં ગુજરાત પબ્લિક સર્વિસ કમિશન (જીપીએસસી) ની ભરતી અંતર્ગત બહાર પડેલી જાહેરાત બાદ સમગ્ર રાજયમા ગ્રેજયુએટ વિદ્યાર્થીઓએ ફોર્મ ભરીને તડામાર તૈયારીઓ શરુ કરી દીધી છે. જેમાં ગાંધીનગરના ઉમેદવારો વિશેષ રસ દાખવીને વિવિધ લાયબ્રેરીમાં વાંચન કરે છે. લાયબ્રેરીમાં અભ્યાસ માટે મોડે સુધી વાંચન કરતા વિદ્યાર્થીઓ માટે કેટલાક કજીયાખોર વિદ્યાર્થીઓ અડચણરૂપ સાબિત થયા છે. ક્યારેક લાયબ્રેરીમાં ખુરસી પર બેસવાની બાબતે તો ક્યારેક અન્ય બાબતે શહેરની સેન્ટ્રલ લાયબ્રેરીમાં ધમાલ થાય છે. હવે તો દર બે-ચાર દિવસે વિદ્યાર્થી-વિદ્યાર્થીઓ વચ્ચે કાં તો વિદ્યાર્થીઓ અને સ્ટાફ વચ્ચે બબાલો થવા લાગી છે અને આ અભ્યાસનું સેન્ટર હવે બબાલોનું સેન્ટર થઈ ગયું હોય તેમ સ્પષ્ટ થઈ રહ્યું છે.

ચારેક દિવસ અગાઉ સે-૧૭ લાયબ્રેરીમાં ખુરસીમાં બેસવાની બાબતે વિદ્યાર્થીઓ વચ્ચે મોટી માથાકૂટ થઈ હતી અને પોલીસ બોલાવવી પડી હતી. અંતે આ પ્રકરણમાં સમાધાન થયું હતું. ગઈ કાલે રાત્રે પણ લાયબ્રેરીમાં જ બબાલ થતા મોટો હોબાળો થયો હતો. વાંચન માટે આવતા વિદ્યાર્થીઓ પૈકી કોઈ બે વિદ્યાર્થીઓ વચ્ચે થયેલી બબાલ બાદ સમાધાન થઈ ગયું હતું.

● અનુસંધાન પાન-૫ પર

# જીપીએસસી પ્રિલીમનરી પરીક્ષા ૧૨મી ઓકટોબરે યોજાશે

## વર્ગ-૧ અને વર્ગ-૨ ની ૩૫૧ બેઠકો માટે પરીક્ષાઓ યોજાશે : વર્ષ ૨૦૦૬ પછી લાંબા સમયે જીપીએસસીની પરીક્ષાઓ યોજાશે

ગાંધીનગર, તા. ૧૩

ઘણા લાંબા સમય પછી રાજ્યમાં જીપીએસસીની પ્રિલીમનરી પરીક્ષાઓ યોજાઈ રહી છે. આ પરીક્ષાઓ તા. ૧૨મી ઓક્ટોબરથી શરૂ થશે. વર્ગ-૧ અને વર્ગ-૨ ની ૩૫૧ બેઠકો માટે ભરતી માટે યોજાનારી આ પરીક્ષા ત્રણ તબક્કામાં યોજાશે. જેમાં પ્રથમ પ્રિલીમ પછી મેઈન અને છેલ્લે મૌખિક પરીક્ષાઓ યોજાશે. આ વખતે આ પરીક્ષામાં નવા વિષયો દાખલ કરવામાં આવ્યા છે. જેના પુસ્તકો મેળવવા માટે ઉમેદવારો ભારે ધસારો કરી રહ્યા છે. જેના લીધે આ પુસ્તકો અને વર્તમાન પ્રવાહોને લગતા મેગેઝીનોમાં ૧૦ થી ૧૫ ટકાનો ભાવવધારો નોંધાયો છે.

● અનુસંધાન પાન-૭ પર

**શ્રી રાજપુત સમાજ, ગાંધીનગર**

**વાર્ષિક સાધારણ સભાની નોટીસ**

આથી શ્રી રાજપુત સમાજ ગાંધીનગરના તમામ આજીવન સભ્યોને જણાવવાનું કે સમાજની **વાર્ષિક સાધારણ સભા તારીખ ૨૦-૦૭-૨૦૧૪ને રવિવારના રોજ બપોરે ૨:૦૦ કલાકે બાશ્રી હંસાબા ચંદનસિંહજી રાજપુત સમાજ ભવન, સેક્ટર-૧૨, ગાંધીનગર** ખાતે મળશે, જેમાં સભ્યોએ સમયસર હાજરી આપવા વિનંતી છે.

આપનો વિશ્વાસુ
**પૃથ્વીસિંહ પ્રતાપસિંહ બિહોલા**
પ્રમુખ, શ્રી રાજપુત સમાજ, ગાંધીનગર

નોંધ :- કોરમના અભાવે મુલત્વી રહેલી સભા આપેલ તારીખ અને સમયે અડધા કલાક બાદ ઉપરોક્ત સ્થળે હાજર રહેલા સભ્યોનું કોરમ ગણી પુનઃસભાનુ કામકાજ શરૂ કરવામાં આવશે જેની નોંધ લેવી.

# હવે બજારમાં 'મધુર મિનરલ વૉટર'

## ગાંધીનગરના બજારમાં ૯૫ ટકા ગ્રાહકો મધુર બ્રાન્ડના આગ્રહી છે : શંકરસિંહ રાણા

ગાંધીનગર, તા. ૧૩

ગાંધીનગરની મધુર ડેરી હવે મધુર મિનરલ વૉટર સાથે બજારમાં તેની નવી બ્રાન્ડ મુકશે.

મધુર ડેરીના ચેરમેન શ્રી શંકરસિંહ રાણાએ ગાંધીનગર સમાચાર સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે ડેરીના વિસ્તરણ પ્રોજેક્ટમાં આ બાબતનો સમાવેશ કરવામાં આવ્યો છે.

ડૉ. શંકરસિંહજી રાણાએ જણાવ્યું છે કે મધુર ડેરી તેના વિસ્તરણ પ્રોજેક્ટ્સમાં ઘણી બધી આગળ વધી ચુકી છે અને આગામી થોડાક જ દિવસોમાં આ વિસ્તરણ પ્રોજેક્ટ્સ કાર્યાન્વીત કરવામાં આવશે.

વિસ્તરણ પ્રોજેક્ટ્સની વિગતો આપતાં તેમણે જણાવ્યું હતું કે ચિલોડા નજીક ૧૪ હજાર ચો.મી. જગ્યામાં આ વિસ્તરણ પ્રોજેક્ટ્સનું કામ ચાલી રહ્યું છે. જેમાં મીનરલ વૉટર પ્રોજેક્ટ માટે એન્ટર્વપની એક સદીથી પણ પુરાણી કંપની સાથે ડેરીએ એમ.ઓ.યુ. કર્યા છે. અને ટુંકમાં જ મધુર બ્રાન્ડનું મિનરલ વૉટર બજારમાં મુકાશે.

ગાંધીનગર ડેરીના ઈતિહાસમાં ૩૬ મધુરના પાર્લરો, ૨ ફરતી મોબાઈલ વાન વાળા પાર્લરો, મધુરની ગુણવત્તા વાળો વ્યાજબી ભાવથી વેચવામાં આવતો મધુર કાફેનો સ્વાદિષ્ટ નાસ્તો એટલું જ નહિ, નજીકના ભવિષ્યમાં ગાંધીનગર જિલ્લાની સરહદમાં આવેલા મોટા ચિલોડા ગામે મધુરનું પોતાનું એક નવું કાર્યક્ષેત્ર કામ કરવા જઈ રહ્યુ છે. વિસ્તરણના ભાગ સ્વરૂપે ચિલોડા કાર્યાન્વિત પ્લાન્ટમાં મધુર ડેરીની પોતાની ૧૪ હજાર ચો.મી. જમીનમાં ડેરીનું એક મોડલ ફાર્મ પૂર્ણતાના આરે છે. પશુપાલન વ્યવસાય કેવી રીતે કરવો, દૂધની ગુણવત્તા કેવી રીતે જાળવવી એ અંગેનું પ્રદર્શન અને નિદર્શન એ સ્થળે જોઈ શકાશે. વધુમાં મધુર મીનરલ વૉટર પ્લાન્ટ શરૂ કરવામાં એન્ટર્વપ દેશની પાણી સાથે ૧૩૦ વર્ષ જૂની કામ કરતી કંપનીનું એમ.ઓ.યુ. કરવામાં આવેલ છે. જેનાથી ગાંધીનગરને ખૂબ સારી ગુણવત્તાવાળુ પાણી પુરૂ પાડવામાં આવશે. મધુર મીઠાઈ પ્લાન્ટ બહુ

● અનુસંધાન પાન-૭ પર


**મંડપ**
**કેટરીંગ**
**લાઈટીંગ**
**ફલાવરીંગ**
89 80 10 1515
93 761 8000 3
93 28 89 3535
**રંગવાલા** ડેકોરેટર્સ
ઓફીસ : હવેલી મંદિર પાસે, GHB, MLA રોડ, સેક્ટર-૨૧, ગાંધીનગર.

સરકારી/અર્ધસરકારી, સંસ્થાકીય, ધાર્મિક તેમજ અન્ય કોઈપણ જાહેર સમારંભ કે પ્રસંગ માટે પ્રચાર પ્રસાર અને સ્વાગત માટેના
**હોર્ડીંગ્સ, ગેટ, ટાવર પીલર, બેનર્સ...**
**અક્ષી**
93 761 80003
93 288 9 3535
89 80 10 1515

# આજે રોટરી ક્લબ ઓફ ગાંધીનગર દ્વારા કેન્દ્રિય બજેટ પર મુકેશ પટેલનું વક્તવ્ય

ગાંધીનગર, તા. ૧૩

રોટરી ક્લબ ગાંધીનગર તથા કડી સર્વ વિશ્વ વિદ્યાલય સતત બાર વર્ષથી કેન્દ્રિય અંદાજપત્ર સંસદમાં રજૂ થયા પછી ગાંધીનગરના લોકો માટે જાણીતા આવકવેરા નિષ્ણાત શ્રી મુકેશભાઈ પટેલનું જાહેર પ્રવચનનું આયોજન કરે છે અને તેમાં ગાંધીનગરના નાગરીકો, વેપારી, ઉદ્યોગકારો, સીનીયર સીટીઝન, વિદ્યાર્થીઓ હાજર રહે છે અને આ કાર્યક્રમને બહોળા પ્રતિસાદ મળે છે.



મોદી સરકારનાં નાણામંત્રી શ્રી અરૂણ જેટલીએ સંસદમાં રજૂ કરેલી બજેટ ભલામણોની નાગરિકો, વેપારીઓ અને ઉદ્યોગ-વ્યવસાય ઉપર શું અસર થશે તેની વિસ્તૃત શૈલીમાં છણાવટ કરવા માટે શ્રી મુકેશભાઈ પટેલ તા. ૧૪મી જુલાઈ, ૨૦૧૪ના સોમવારના રોજ રોટરી ક્લબ, ગાંધીનગર તથા કડી સર્વ વિશ્વવિદ્યાલય, ગાંધીનગર દ્વારા આયોજિત જાહેર કાર્યક્રમમાં પધારવાના છે.

રોટરી ક્લબ, ગાંધીનગર તથા કડી સર્વ વિશ્વવિદ્યાલય, ગાંધીનગર દ્વારા આયોજિત ઉપરોક્ત કાર્યક્રમમાં કડી સર્વ વિદ્યાલય કેળવણી મંડળ કેમ્પસમાં ઉમાબા આર્ટ્સ અને નાથીબા કોમર્સ કોલેજના ખીમજી વિશ્રામ હોલ ખાતે સાંજે ૬.૩૦ થી ૮.૩૦ દરમ્યાન મોટી સંખ્યામાં ઉપસ્થિત રહેવા અપીલ કરી છે.

Rotary **રોટરી ક્લબ ઓફ ગાંધીનગર** (RI District 3051, 2014-15)
**અને કડી સર્વ વિશ્વ વિદ્યાલય,** ગાંધીનગર આયોજિત
Program Supported By KALPA-TARU Power Transmission Limited



**કેન્દ્રીય અંદાજપત્ર ૨૦૧૪ની સમીક્ષા તથા અર્થતંત્ર ઉપર તેની અસર અંગેનું માર્ગદર્શન**
તારીખ : ૧૪ જુલાઇ, ૨૦૧૪. સોમવાર | સમય : સાંજે ૬.૩૦ થી ૮.૩૦
સ્થળ : શેઠ શ્રી ખિમજી વિશ્રામ હોલ, કડી કેમ્પસ, સેક્ટર - ૨૩, ગાંધીનગર
છેલ્લા ૧૨ વર્ષથી રોટરી ક્લબ ઓફ ગાંધીનગર દ્વારા યોજાતા આ જાહેર પ્રવચનમાં સહુને ભાવભર્યું નિમંત્રણ છે
વક્તા : શ્રી મુકેશ એમ. પટેલ
ખ્યાતનામ એડવોકેટ અને ટેક્ષ કન્સલટન્ટ
ખાસ નોંધ : સાજે ૬.૨૦ સુધીમાં આપની બેઠક લઈ લેવા નમ્ર અનુરોધ છે

SANGHI CEMENT | Kisan | ashirvad C. PVC, UPVC | BENELAVE BATH FITTINGS | DR.FIXIT | TATA STEEL • PIPES • SHEETS | VINAYAK 500 TMT BARS - ISI
ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ
**જગદીશ સ્ટીલ સ્ટોર્સ**
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383/82 **માલિક - પ્રકાશક - મુદ્રક :** પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. **તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧** E-mail : gandhinagarsamachar@yahoo.com